## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સારૂ થયુને... આપણે સત્તામાં નથી...!!

# ‘તુ ભાગીને આવી છે, તને કંઈ આવડતુ નથી’ કહી પરિણિતાને કાઢી મુકતા પાંચ સામે ફરીયાદ

## પ્રેમલગ્ન કરનાર પરિણિતાને કાઢી મુકતા છેલ્લા એક વર્ષથી હોસ્ટેલમાં રહે છે

ગાંધીનગર, તા.૨

શહેરના કુડાસણ વિસ્તારમાં સહજાનંદ સીટીમાં રહેતા સાસરીયાઓએ ઘરના કામકાજ અને નોકરી અંગે મ્હેણા-ટોણા મારી પરિણિતાને ઘરમાંથી કાઢી મુકી છે. ત્યારે પ્રેમલગ્ન કરેલી પરિણિતા પિયરમાં જઈ શકતી ન હોવાથી હોસ્ટેલમાં રહે છે. તેમ છતા સાસરીપક્ષના સભ્યો ફોન કરી હેરાન પરેશાન કરતા પરિણિતાએ આખરે કંટાળી પોલીસ મથકે પતિ, સાસુ-સસરા અને દિયર સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સોજા ગામના યુવક સાથે પરિણિતાએ પ્રેમલગ્ન કર્યા છે. હાલ તેની સાસરીપક્ષના તમામ સભ્યો કુડાસણ વિસ્તારમાં સહજાનંદ સીટીમાં રહે છે. આજથી ત્રણેક વર્ષ અગાઉ માતા-પિતાની મરજી વિરુધ્ધ જઈ ફરીયાદીએ લવ મેરેજ કર્યા હતા. ત્યારબાદ પતિ સાથે પરિણિતા સંયુકત પરિવારમાં રહેતી હતી. પ્રારંભિક તબક્કામાં સાસરીપક્ષના સભ્યોએ સારુ રાખ્યું હતું. ત્યારબાદ પરિણિતાને તેનો પતિ નોકરી માટે દબાણ કરતો હતો. પરિણિતાને નોકરી કરવી ન હોવાથી તેઓ બંન્ને વચ્ચે બોલાચાલી થતા પતિએ હાથ ઉગામતા તેણીનો હાથ ભાંગી નાંખ્યો હતો.જયારે સાસુ-સસરા અને દિયર પણ અવાર-નવાર તને રાખવાની નથી, તને કોઈ કામ આવડતુ નથી, તુ છુટાછેડા લઈ લે, તુ ભાગીને આવી છે અમારા ઘરમાંથી જતી રહે, નહી તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતા હતા.પરંતુ પરિણિતા સંસાર બગડે નહી તે માટે બધુ સહન કરતી હતી. તેમ છતા પરિણિતાનો સાસરીયાઓ દ્વારા ત્રાસ યથાવત રહ્યો હતો. તુ જમવાનું સારુ બનાવતી નથી અને કઈ કામકાજ કરતી નથી તેવા મ્હેણા-ટોણા મારતા હતા. વર્ષ ૨૦૨૧ ના ડિસેમ્બર માસમાં પરિણિતાની સાથે તેના પતિએ મારામારી કરી હતી. જયારે સાસુએ પણ ધક્કો મારી નીચે પાડી દીધી હતી. તે સમયે વકીલ મારફતે લખાણ લખાવી અંદરો-અંદર સમાધાન કરી દીધુ હતું. તેમ છતા સાસરીયાઓ તારમાં મગજ નથી, કહીને મ્હેણા મારતા પરિણિતાએ પરિવારથી અલગ રહેવાનું વિચારતા સાસુની ચઢામણીથી તેણીના પતિએ મારામારી કરી હતી. જયારે વર્ષ ૨૦૨૨ જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં છુટાછેડા માટે જબરદસ્તી કરતા પરિણિતાએ ના પાડી હતી. જેથી તેની સાથે મારઝુડ કરી સાસરીપક્ષના સગા-સંબંધીઓની હાજરીમાં ઘરમાંથી કાઢી મુકી છે. ત્યારથી શહેરની હોસ્ટેલમાં પરિણિતા રહે છે. જયારે પરિણિતાના માતા-પિતાની ના હોવા છતા તેણીએ ભાગીને લગ્ન કરતા તે પિયરમાં પણ જઈ શકતી નથી. તો બીજીતરફ સાસરીપક્ષના સભ્યો લેવા પણ આવતા નથી. પરિણિતા પાસે તેના પતિનો પાસપોર્ટ કે અન્ય કોઈ દસ્તાવેજ નથી છતા દસ્તાવેજોની માંગ કરી હેરાન પરેશાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પરિણિતાએ પતિ, સાસુ-સસરા,અને દિયર સામે શારીરીક માનસિક ત્રાસ અને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરીયાદ નોંધાવી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનની કામગીરી ધીમી પડી છે. શહેર-જિલ્લામાં આજે માત્ર ૮ લાભાર્થીઓને જ આવરી લેવાયા છે.
- માણસા માર્કેટીંગ યાર્ડની ચૂંટણી જાહેર થતાં પંથકમાં ગરમાવો જામ્યો છે.
- કલોલ ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરના કાર્યાલયનું આજે રાજય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ઉદ્ઘાટન કર્યુ છે.
- સિંગતેલના ભાવમાં ત્રણ જ દિવસમાં ભાવ વધારો ઝીકાતા મધ્યમવર્ગનું બજેટ કથળ્યુ છે.
- કલોલમાં ઘર આગળ પાર્ક કરેલી ઈકો ગાડીનું સાયલન્સર ચોરાયાની ઘટના સામે આવી છે.
- દહેગામ પોલીસે વિદેશી દારૂની ૨૬ નંગ બોટલો સાથે બે બુટલેગરોને પકડ્યા છે.
- કલોલ પટવાકુવા પાસેથી વરલી મટકાનો જુગાર રમાડનાર શખ્સને પોલીસે ઝડપી લીધો છે.
- દહેગામના દેવકરણમુવાડા ગામેથી દારૂની હેરાફેરી કરતા ઈસમને ઝડપી લીધો છે.
- ૪થી ફેબ્રુઆરીના રોજ માનવકલ્યાણ યોજના કીટ માટેનો ડ્રો યોજવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટેના સ્ટોલ ઉભા કરાશે.
- સે. ૫ ખાતે આજે પ્લાસ્ટીકમુક્તિ અભિયાન અંતર્ગત જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- માણસા ન.પા.નું રૂ. ૭ લાખની પુરાંત ધરાવતુ બજેટ મંજૂર કરાયુ છે.
- સે. ૭માં આંજણા ચૌધરી કેળવણી મંડળ દ્વારા સંચાલિત ગૃપ કોલેજ દ્વારા રમતોત્સવની ઉજવણી કરવામાં આવી છે.
- મોતીપુરા ગામે ગાંધી સાહિત્યના વિતરણનો કાર્યક્રમ સાદરા વિદ્યાપીઠના એન.એસ.એસ. એકમ દ્વારા યોજાયો હતો.
- મહિલા ગ્રામ વિદ્યાપીઠ દ્વારા ગાંધી નિર્વાણદિનની ઉજવણી અંતર્ગત પ્રાર્થના અને વ્યાખ્યાન યોજવામાં આવ્યા હતા.
- કર્મયોગીભવનમાં પંચાયત સેવા પસંદગી મંડળની કચેરીએ એબીવીપી દ્વારા ધરણા પ્રદર્શન યોજાયુ હતુ.

# ગુજરાતનો ટેબ્લો ’લોકપ્રિયતા શ્રેણીમાં’ પ્રથમ ક્રમે આવતા મુખ્યમંત્રીએ માહિતી ખાતાને અભિનંદન પાઠવ્યા

**પ્રજાસત્તાક દિવસ ૨૦૨૩ની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતનો ટેબ્લો ’લોકપ્રિયતા શ્રેણીમાં’ પ્રથમ ક્રમે આવતા મુખ્યમંત્રીશ્રીએ માહિતી ખાતાને અભિનંદન પાઠવ્યા હતા.**



ગાંધીનગર,તા.૦૨

સોલાર એનર્જી-વીન્ડ એનર્જી-મોઢેરા સોલાર વિલેજ સહિતની ગુજરાતની ઊર્જા ક્રાંતિની પ્રસ્તુતિ સાથે તૈયાર કરાયેલો ગુજરાતનો ટેબ્લો ’લોકપ્રિયતા શ્રેણી’માં વિજેતા જાહેર થયો હતો. આ ટેબ્લો દર વર્ષે માહિતી ખાતા દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ વર્ષે માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રી અવંતિકાસિંહ ઔલખ અને નિયામક શ્રી આર.કે. મહેતાના માર્ગદર્શન હેઠળ ટેબ્લો તૈયાર કરવામાં આવ્યો હતો. માહિતી ખાતાની આવી ઉત્કૃષ્ટ કામગીરી બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સમગ્ર માહિતી પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ૭૪ માં ગણતંત્ર દિવસે કર્તવ્ય પથ પર યોજાયેલી પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં રજૂ થયેલા ટેબ્લોઝમાં ગુજરાતનો ટેબ્લો ’’પીપલ્સ ચોઈસ એવોર્ડ (લોકપ્રિયતા શ્રેણી)’’માં પ્રથમ ક્રમે આવ્યો છે. My Gov પ્લેટફોર્મ દ્વારા રાજ્યોના ટેબ્લોઝની શ્રેષ્ઠતા પસંદગી માટે દેશની જનતા પાસેથી ઓનલાઈન વોટિંગ થયુ હતુ. જે અંતર્ગત પીપલ્સ ચોઈસ એવોર્ડમાં ગુજરાતનો ટેબ્લો સૌથી વધુ વોટ શેર સાથે પ્રથમ ક્રમે આવ્યો હતો.

# પાંચ શખ્સોએ જમીન વેચાણ મુદ્દે કોબાના યુવક પાસેથી રૂ.૧૧.૫૪ લાખ ખંખેરી લીધા

## શિહોલી મોટી ગામે જમીન કૌભાડ, કોબાના શખ્સ પાસેથી રૂપીયા લઈ જમીન અન્ય વ્યકિતને વેચી મારી, કોબાના શખ્સે પાંચ સામે ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના શિહોલી મોટી ગામે જમીનની ખરીદી પેટે રૂ.૧૧.૫૪ લાખ ચુકવ્યા છતા જમીનનો બાનાખત નહી બનાવી આપનાર અને જમીનનો સોદો બારોબાર અન્ય વ્યકિત સાથે કરી દેતા પાંચ વ્યકિતઓ સામે કોબા ખાતે રહેતા યુવકે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોબા આર્યન બંગ્લોઝમાં રહેતા અને મુળ ભાવનગરના મજબુતસિંહ ચંદુભા ગોહિલે વર્ષ ૨૦૦૮માં જમીન ખરીદી કરવા માંગતા હોવાથી મોટી શિહોલાની રાજનસિંહ સુરસંગજી ઠાકોર સાથે મુલાકાત કરી હતી.ત્યારબાદ શિહોલી મોટી ગામે ઉતર દિશામાં આવેલ જમીન ખરીદી કરવા જણાવ્યું હતું. જેથી ફરીયાદીએ જમીન ખરીદી માટે સંમતિ દર્શાવી હતી. જેથી રાજનસિંહ જમીન બતાવી તેના માલિક ઠાકોર કાળાજી ચેહરાજી તથા મૈયત ઠાકોર રમેશજી ચંદુજી તેમજ મૈયત ઠાકોર ભલાજી ચંદુજી તથા મૈયત ઠાકોર ગોવિંદજી ચંદુજી તેમજ વિણાબેન ચંદુજી અને ઠાકોર પુંજીબેન તે ચહેરાજી સવાજીની વિધાના કે જેમના ૭ અને ૧૨ ના ઉતરામાં નામ બતાવ્યા હતા. તે પછી ફરીયાદીએ દલાલ ઠાકોર દિનેશ અને જમીન માલિક ઠાકોર કાળાજી ચેહરાજી સાથે આલમપુર રાજધાની રેસીડેન્સી ખાતે બેઠક ગોઠવી હતી. જમીનની કિં.રૂ.૧૮,૬૬,૮૫૦માં વેચાણ રાખવાનું નક્કી કર્યું હતું. જમીન માલિક ભારતી બેન, હીરાબેન, વિણાબેન, કાળાજી અને પુજીબેન હાજર રહીને બાનાખત કરી આપ્યા હતા. તે સમયે ફરીયાદીની જાણ વિના આરોપીઓએ ખેડુત પાસેથી પાવર ઓફ એટર્ની પોતાના નામે બનાવી લીધી હતી. બાનાખત મુજબ ફરીયાદીને જમીનનું ટાઈટલ કલીયર અને મરણજનાર ભલાજી ચંદુજી તેમજ ગોવિંદજી ચંદુજીની વારસાઈ કરી આપવાની શરત રાખી હતી. બાનાખત પેટે ફરીયાદીએ રૂ.૩,૧૬,૮૫૦ રોકડા કાળાજી ચહેરાજીને દલાલ રાજનસિંહ તેમજ દિનેશ ટાકોરી હાજરીમાં આપ્યા હતા. જયારે ફરીયાદીએ બેંક ખાતામાંથી રૂ.૩ લાખ કાળાજી ચેહરાજીના મૃત્યુ બાદ તેમની પત્ની લીલાબેન કાળાજી ઠાકોર આપ્યા હતા. તે ઉપરાંત જમીનને અવેજ પેટે રૂ.૫.૩૭,૬૦૦ રોકડા આપ્યા હતા. જેથી ફરીયાદીએ જમીનની અવેજ પેટે રૂ.૧૧.૫૪ લાખ ચુકવી દીધા છે. ત્યારબાદ રાજનસિંહ ઉર્ફે રતનસિંહ ઠાકોર (ઝાલા)ને જમીનનું ટાઈટલ કલીયર અને દસ્તાવેજ કરાવી આપવા અનેકવાર વાત કરી હતી. તેમ છતા ફરીયાદીને જમીનું ટાઈટલ કલીયર કે દસ્તાવેજ કરાવી આપ્યા ન હતા. આરોપીઓ ખોટા ખોટા બહાના બતાવતા ફરીયાદીએ વકીલ મારફતે અવારનવાર નોટીસ મોકલી આપી હતી.

પરંતુ સામેથી કોઈ જવાબ આપ્યો ન હતો.જેથી ફરીયાદીએ ટાઈટલ કલીયર માટે જાહેર નોટીસ આપી હતી.પરંતુ આરોપીઓએ કોઈ વાંધો દર્શાવ્યો ન હતો. પંરતુ જમીન માલિકોએ ફરીયાદીની જાણ બહાર વર્ષ ૨૦૧૩માં જમીનનો વેચાણ દસ્તાવેજ પટેલ મનોજભાઈ રમેશભાઈને કરી આપ્યો હતો.

જેથી જમીન મનોજભાઈ રમેશભાઈ પટેલને વેચાણ કરી ફરીયાદી પાસેથી રોકડા રૂ.૧૧.૫૪ લાખ લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતા મજબુતસિંહે ચિલોડા પોલીસ મથકે ૫ વ્યકિત ફરીયાદ નોંધાવી છે.

# શહેરના સેકટર-૫બી માં ઘર પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૫ બી માંથી બાઈકની ચોરી થવા પામી છે. શહેરમાં બાઈક ચોરીનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. શહેરમાંથી વાહનચોરીને અંજામ આપી ચોર શખ્સો સિફતપૂર્વક નીકળી જાય છે. ત્યારે શહેરમાં ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. સેકટર-૫ બી માંથી બાઈક ચોરી થતા યુવકે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રોમાંથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૫ બી પ્લોટ નં.૫૪૯-૨ ખાતે રહેતા રમેશકુમાર શકરાભાઈ પરમાર (ઉં.૪૬) પરિવાર સાથે રહે છે અને છુટક પ્લમ્બીંગ કામ કરે છે. રમેશકુમાર પાસે વાદળી કલરનું હીરો ડીલક્ષ બાઈક નં.જી.જે.૧૮.સી.ઈ.-૧૨૦૪ હતું. રમેશભાઈ પોતાના કામ માટે બાઈકનો ઉપયોગ કરતા હતા. ગત તા.૨૯ ના રોજ રાત્રીના સમયે ઘર પાસે પાર્ક કરીને તેઓ સુઈ ગયા હતા.જયારે બીજા દિવસે સવારે ઉઠીને જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરવા છતા મળી ન આવતા આખરે પોલીસ મથકે બાઈકચોરીની ફરીયાદ નોંધાવી છે.

# બ્રહ્માકુમારી સેન્ટર સેક્ટર ૨૮ ખાતે નિશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન

ગાંધીનગર,તા.૦૨

તારીખ ૫ ફેબ્રુઆરી રવિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ગાંધીનગરની પ્રથમ હિન્દી વેબ ન્યુઝ ચેનલ "તસવીરે ગાંધીનગર" દ્વારા "તેજ આઈ સેન્ટર" , ઈન્ડિયન રેડક્રોસ, ગાંધીનગર જિલ્લા શાખા તેમજ સ્કાઈ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલના સહયોગથી "નિશુલ્ક મેડિકલ કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું છે. જયાં આંખોની તપાસ, હદયરોગ પ્રાથમિક તપાસ સાથે કાન, નાક, ગળા, ડાયાબિટીઝ, બીપી, નવજાત શિશુ તેમજ નાના બાળકોની તપાસ , ફિઝિયોથેરાપી અંગે પ્રાથમિક માર્ગદર્શન અને નિશુલ્ક તપાસ કરવામાં આવશે. તેમજ અનીસ પરીખ તરફથી સંધાના દુખાવા માટે માલિશ કરી આપવામાં આવશે. આ "નિશુલ્ક મેડીકલ કેમ્પમાં" ડો.તેજલ દલાલ, ડો. સતીશ પરમાર, ડો. બોની ગજ્જર, ડો દેવી ગજ્જર, અને ડો હાર્દિક તલાટી દ્વારા સેવાઓ આપવામાં આવશે.

# રીલાયન્સ સર્કલ પાસો ટ્રકની ટક્કરે બાઈક ચાલક યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨

શહેરની આશ્કા હોસ્પિટલ થી રીલાયન્સ સર્કલ તરફ જતા માર્ગ પર ગતરાત્રીના સમયે ટ્રક-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકની ટકકર વાગતા બાઈક ચાલક યુવક નીચે માર્ગ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા આશાસ્પદ યુવકનું મૃત્યુ નિપજયું હતું. જયારે અકસ્માત બાદ ટ્રક ચાલક નાસી ગયો હતો. બનાવ અંગે હરીશચંદ્રસિંહ ઝાલાએ ટ્રક ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ લીમડી ખાતે રહેતા હરીશચંદ્રસિંહ ઝાલા શકિત હોટલ ચલાવે છે અને પરિવાર સાથે રહી તેમનુ ગુજરાન ચલાવે છે. ગત તા.૧ ફેબુઆરીના રોજ રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં હરીશચંદ્રસિંહ રેસ્ટોરન્ટ પર હાજર હતા. ત્યારે કાકાના દિકરા દિવ્યરાજસિંહના ફોન નંબર પરથી અજાણ્યા શખ્સે તેઓને ફોન કરી જણાવ્યું કે આ ફોનવાળી વ્યકિત પોતાનું બાઈક નં. જી.જે. ૧૩.બી.સી.-૦૨૩૫ લઈ આશ્કા હોસ્પિટલ થી રીલાયન્સ સર્કલ જવાના માર્ગ પર સર્કલ પહેલા ટ્રક નં આર.જે.૧૯.જી.એફ.-૪૮૧૮ ના ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો છે.જેમાં યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મૃત્યુ નિપજયું છે.જયારે અકસ્માત સર્જીને ટ્રક ચાલક નાસી ગયો છે તેવી વાત ફોન પર કરતા જ હરીશચંદ્રસિંહ અને કૌટુબીકભાઈ અશ્વિનસિંહ રાણા લીમડી થી ગાંધીનગર સિવિલ ખાતે આવી પહોંચ્યા હતા. હોસ્પિટલ પહોંચીને ફરીયાદીએ જોયુ તો તેમના કાકાનો દિકરો દિવ્યરાજસિંહ રાણાને ગંભીર ઈજા પહોંચતા તેમનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલોડા ખાતે નવચંડી યજ્ઞ અને રામદેવપીરનો ૩૩ જ્યોત પાઠનો કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા પીંપળાવાળો વાસ કનુજી એમ. વાઘેલાના નિવાસસ્થાને મહાસુદ-૧૧ને બુધવારના રોજ નવચંડી યજ્ઞ અને ૩૩ જ્યોત પાઠનો ધાર્મિક કાર્યક્રમ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના ભાવિક ભક્તોએ શોભાયાત્રા અને નવચંડી યજ્ઞ અને ૩૩ જ્યોત પાઠના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભકતજનોએ મહાપ્રસાદનો અને દર્શનનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હતી.






હાજીપુર પ્રાથમિક શાળાના ધોરણ-૮ના બાળકોએ અરણ્યવન મુકામે રાજ્યકક્ષાના પ્રજાસત્તાક દિનમાં ભાગ લીધો હતો. જેમાં રાજ્યના અલગ અલગ જિલ્લામાંથી દરેકે ભાગ લીધો હતો. ત્યારે હાજીપુર પ્રાથમિક શાળાના ૨૨ બાળકો દ્વારા પિરામિડ બનાવીને ડાન્સ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

# ચંદ્રાલા ખાતે જ્યોતિ વિદ્યામંદિરમાં પ્રજાસત્તાક દિનની ધામધૂમથી ઉજવણી



ગાંધીનગર, તા. ૨

શ્રી જ્યોતિ વિદ્યામંદિર, ચંદ્રાલા, તા. જિ. ગાંધીનગર સંચાલિત શ્રી જ્યોતિ વિદ્યામંદિરમાં ૭૪મો પ્રજાસત્તાક દિન ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો. સમારંભના પ્રમુખ તરીકે ગામના વડીલ જેઠાભાઈ વરવાભાઈ રબારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી. આમંત્રિત મહેમાનો તથા ગ્રામજનોનું યજમાન શાળાના આચાર્ય બી.બી. દેસાઈ સાહેબે શાબ્દિક સ્વાગત કર્યુ. ‘વંદે માતરમ્’ના ગાન બાદ સમારંભના પ્રમુખ ધ્વજવંદન વિધિમાં જોડાયા અને સર્વેએ રાષ્ટ્રધ્વજને સલામી આપી. ચંદ્રાલા આદર્શ પ્રા. શાળા-૧, ઉમા સંસ્કાર તીર્થ અને યજમાન સંસ્થા શ્રી જ્યોતિ વિદ્યામંદિરના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા. સરપંચ શિલ્પાબેન પટેલ દ્વારા ગામના વિશિષ્ટ વ્યક્તિઓનું ‘સન્માન પત્ર’ આપી શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું, વિશેષમાં તેઓએ શ્રી જ્યોતિ કેળવણી મંડળના પ્રમુખ દશરથભાઈ પટેલ તથા તમામ કા. સભ્યોનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ. આજ ક્રમમાં શ્રી જ્યોતિ વિદ્યામંદિર, ચંદ્રાલાના આચાર્ય તથા સ્ટાફ ગણે સરપંચ તથા પંચાયતના સભ્યોનું શાલ ઓઢાડી બહુમાન કર્યુ હતુ. આ પ્રસંગે શ્રી જ્યોતિ વિદ્યામંદિરના મકાનના રીનોવેશન માટે સામાજિક કાર્યકર રામકૃષ્ણભાઈ ડી. પટેલ તથા સેવા સહકારી મંડળીના ચેરમેન ગૌતમભાઈ એચ. પટેલના હસ્તે સ્વ. અંબાલાલ જે. પટેલ તથા સ્વ. હરગોવિંદદાસ જે. પટેલ - સમગ્ર પરિવાર તરફથી રૂ. ૧, ૧૧, ૧૧૧ જેટલી માતબર રકમનું દાન જાહેર કરવામાં આવ્યું હતું. સમગ્ર નેસ પરિવાર (રબારી સમાજ) વતી લાલાભાઈ ગોવાભાઈ રબારીએ રૂ. ૫૧૦૦૦ તેમજ તેજશભાઈ જયંતિભાઈ પટેલે - પિતાશ્રીના સ્મરણાર્થે રૂ. ૪૧૧૧૧ જેવી મોટી રકમોની સખાવત જાહેર કરી હતી.

# રક્તદાન મહાદાનના સંદેશા સાથે કલકત્તાના સાયકલવીરે IARની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૨

તા. ૨૪મી જાન્યુઆરીના રોજ કલકત્તા સ્થિત જોય દેબ રાઉતે ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચની મુલાકાત લીધી હતી. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના સંકલ્પ ‘હર ઘર તિરંગા’થી પ્રેરાઈને ‘હર ઘર રક્તદાતા’ના મહામુલા સંકલ્પ સાથે ભારતભ્રમણે નીકળેલા જોય દેબ રાઉતે અત્યાર સુધીમાં ૫૮૦૦થી વધુ કિલોમીટરની યાત્રા કરીને તેઓ ગાંધીનગર પહોંચ્યા હતા. તેઓ કુલ ૨૦૦૦૦ થી વધુ કિલોમીટરની યાત્રા કરવાના છે અને રક્તદાનના સંદેશને દેશભરમાં ફેલાવી દેશના નાગરિકોને પ્રોત્સાહિત કરશે. આઈએઆર યુનિવર્સિટી ગાંધીનગરના રજિસ્ટ્રાર ડૉ. મનીષ પરમાર દ્વારા જોયનું સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જોયે તેમના સંદેશમાં સમગ્ર વિદ્યાર્થીઓને તથા સ્ટાફ ગણને રક્તદાનનો નિશ્ચય કરવા તથા તેમના પરીવારોને પણ સંકલ્પ લેવડાવવા આહવાન કર્યુ હતુ. આ અદ્વિતીય કાર્યક્રમ દરમિયાન પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ગાંધીનગરના રૂપલદીદી, ભરતભાઈ, ભૂતપૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, રોટરી કલબ ગાંધીનગરના પ્રેસિડેન્ટ પાર્થ ઠક્કર, જાણીતા સમાજ સેવક નિલેન્દુ વોરા, જીલુભા ધાંધલ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના નિલેશભાઈ ભારતીય ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન આઈએઆર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. મનીષ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

Children's UNIVERSITY
सत्यम् ऋतम् बृहत्

**વોક-ઈન-ઈન્ટરવ્યૂ**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે હંગામી ધોરણે કરાર આધારિત નિયુક્તિ માટે વોક-ઈન-ઈન્ટરવ્યૂ રાખવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ |
|---|---|
| ૧ | રીસર્ચ એડવાઇઝર/ફેસીલીટેટર |
| ૨ | સ્ટેટીસ્ટીકલ એનાલીસ્ટ |

તારીખ : ૦૬/૦૨/૨૦૨૩ સમય : સવારે ૧૦:૦૦ વાગ્યાથી
સ્થળ : સ્થળ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

અન્ય વિગતો માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in મુલાકાત લેવી

રજિસ્ટ્રાર
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી